# Official Spokesperson's response to media queries on false allegations made by Pakistan’s Foreign Minister

August 13, 2021

---

# પાકિસ્તાનના વિદેશમંત્રી દ્વારા કરાયેલા ખોટા આક્ષેપો વિશે મીડિયાના પ્રશ્નો અંગે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓગસ્ટ 13, 2021

**પાકિસ્તાનના વિદેશમંત્રી દ્વારા કરાયેલા ખોટા આરોપો આક્ષેપો વિશે મીડિયાના પ્રશ્નો પર જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું,**

"પાકિસ્તાનના વિદેશમંત્રીએ દાસુમાં બનેલી ઘટના અંગે વાહિયાત ટિપ્પણી કરી તે વિશેના અહેવાલ અમે જોયા છે. પ્રાદેશિક અસ્થિરતાના કેન્દ્ર અને ત્રાસવાદીઓને સુરક્ષિત આશ્રય આપનાર દેશ તરીકે પોતાની ભૂમિકા પરથી આંતરરાષ્ટ્રીય ધ્યાન અન્યત્ર વાળવા માટે પાકિસ્તાન દ્વારા ભારતની છબિ ખરડવાનો આ વધુ એક પ્રયાસ છે. આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે મળીને ત્રાસવાદ સામેના વૈશ્વિક પ્રયાસોમાં ભારત અગ્રેસર છે. ત્રાસવાદની વાત આવે ત્યારે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનની ભૂમિકા વિશે સારી રીતે વાકેફ છે. જુઠાણું ફેલાવવાના અને દુષ્પ્રચાર કરવાના પાકિસ્તાનના આવા મરણિયા પ્રયાસો પર કોઈ વિશ્વાસ મુકવાનું નથી.”

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 13, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release